# દેશી બંદૂકથી પોલીસ કર્મીઓ પર ફાયરીંગ, ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડ્યા....

## પોશીનાના કાલીકાંકરમાં ગેરકાયદે હથિયાર શોધવા ગયેલી પોલીસ ટીમ ઉપર ગોળીબાર, ૫ પોલીસ ઘાયલ : ટોળાએ પોલીસને ઘેરી લઈ જોરદાર પથ્થરમારો કરતાં નાસભાગ



બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૨

પોશીના તાલુકાના કાલીકાંકરના ગરીફળો વિસ્તારમાં ચોક્કસ ઈસમના ત્યાં ગેરકાયદે હથિયારો હોવાની બાતમીના આધારે પોલીસે બુધવાર સવારે તપાસ હાથ ધરતાં વિફરેલા ટોળાએ પોલીસને ઘેરી લીધા પછી થયેલા ખાનગી ગોળીબાર તેમજ પથ્થર મારામાં ૫ પોલીસ કર્મીઓને ઈજા પહોંચતાં લોહી નિતરતી હાલતમાં સારવાર માટે હિંમતનગર ખસેડવામાં આવ્યો છે. ખાનગી ગોળીબારમાં એક પોલીસ કર્મીને પગના ભાગે ઈજા પહોંચી છે. પોલીસ ઉપર ફાયરિંગની ઘટના સામે આવતાં જિલ્લા પોલીસ વડા સહિત અન્ય પોલીસ અધિકારીઓ પોશીના પહોંચ્યા છે. વાતાવરણ તંગ બનતાં સમગ્ર પંથકને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું છે.

સાબરકાંઠાના પોશીના પંથકમાં ગુનાખોરી વકરવા લાગી છે.



પોલીસની નિષ્ક્રિયતાના કારણે અસામાજીક તત્વોને કાયદાનો કોઈ ડર રહ્યો નથી. મણીયાકીકાના સામ્રાજ્યના અંત પછી પણ આ વિસ્તારમાં અસામાજીક તત્વો પોલીસને નજર અંદાજ કરી રહ્યા છે. તાલુકાના કાલીકાંકરના ગૈરીફળો વિસ્તારમાં એક ઈસમના ઘરમાં ગેરકાયદે હથિયારો ઉતર્યા હોવાની બાતમી મળતાં પોશીના પી.એસ.આઈ. સહિત સ્ટાફ બાતમી આધારીત સ્થળે પહોંચ્યો હતો અને તપાસ ચાલતી હતી તે દરમ્યાન પોલીસ ઉપર ટોળાએ હલ્લો કરવાની સાથે એક વ્યક્તિએ ખાનગી ગોળીબાર કરતાં ૫ પોલીસ કર્મીઓને ઈજા પહોંચી હતી. તપાસ માટે આવેલી પોલીસ ઉપર ગોળીબારની ઘટના બહાર આવતાં સમગ્ર રાજ્યના ગૃહ વિભાગમાં હડકંપ મચી ગયો હતો. જ્યારે બનાવની ગંભીરતા જોતાં જિલ્લા પોલીસ વડા ઉપરાંત એસ.ઓ.જી., એલ.સી.બી.ના અધિકારીઓ પણ પોશીના પહોંચ્યા હતા તેમજ સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને કોમ્બિંગ હાથ ધર્યું છે. જ્યારે મોડે સુધી પોલીસે ક્યા આરોપી દ્વારા ગોળીબાર કરાયો, કેટલા પોલીસ કર્મીઓને ઈજા પહોંચી તેમજ તપાસ દરમ્યાન કેટલાં ગેરકાયદે હથિયારો મળ્યાં..?? તેની વિગતો જાહેર કરી નથી. પરંતુ પોલીસ ઉપર થયેલા હુમલા પછી આ વિસ્તારમાં રાજકીય દંગલ મચી જાય તેવી પૂરેપૂરી આશંકા સેવાય છે.

### ગોળીબારમાં પોલીસ કર્મીને ઈજા – જિલ્લા પોલીસ વડા

સાબરકાંઠા પોલીસ વડા વિશાલ વાઘેલાએ જણાવ્યું કે પોશીના પોલીસ કાલીકાંકર વિસ્તારમાં બાતમીના આધારે ગેરકાયદે હથિયાર શોધવા બુધવારે પહોંચી હતી જે સમય દરમ્યાન ગેરકાયદે હથિયારથી ગોળીબાર કરતાં એક પોલીસ કર્મીને ઈજા પહોંચી છે. જ્યારે પથ્થરમારામાં અન્ય બે પોલીસ કર્મીઓ ઈજાગ્રસ્ત થયા છે. ગેરકાયદે હથિયારથી ગોળીબાર કરતાં એક પોલીસ કર્મીને ઈજા પહોંચી છે. જ્યારે પથ્થરમારામાં અન્ય બે પોલીસ કર્મીઓ ઈજાગ્રસ્ત થયા છે.

### ઈજાગ્રસ્ત પોલીસ કર્મી..

અમિતકુમાર સાવનભાઈ મોડીયા (ઉ.૩૭ વર્ષ) (ગોળીબારથી ઈજા)

### પથ્થરમારાથી ઈજા..

અભીજીતસિંહ સાવનસિંહ જેતાવત(ઉ.૩૦ વર્ષ)
વાસુભાઈ ઈન્દુભાઈ ગમાર
ચંદ્રેશકુમાર હિંમતલાલ
ભરતકુમાર પરસોત્તમભાઈ ચાવડા

### પોશીના પંથક પોલીસ છાવણીમાં ફેરવાયો, ઉચ્ચ અધિકારીઓના ધામા..

પોશીનાના ગરીફળોમાં પોલીસ ઉપર ખાનગી ગોળીબાર પછી જિલ્લા પોલીસ વડા વિશાલ વાઘેલા, નાયબ પોલીસ અધિક્ષક સૂર્યવંશી સહિતના અધિકારીઓ પોશીના દોડી ગયા હતા. કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે સમગ્ર વિસ્તારને પોલીસ છાવણીમાં ફેરવી દેવાયો છે. એલ.સી.બી., એસ..જી. સહિત પોશીના ઉપરાંત ખેરોજ, ખેડબ્રહ્માની પોલીસને બોલાવાઈ છે.

### મારી પાસે રિપોર્ટ આવ્યો નથી - મામલતદાર

પોશીનાના ગોરીફળોમાં રેડ દરમ્યાન ટોળાં ધસી આવ્યા પછી એક વ્યક્તિ દ્વારા ફાયરીંગ કરાતાં ૫ પોલીસ કર્મીઓને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડાયા છે. પોશીના મામલતદાર મનોજ મિશ્રાએ જણાવ્યું કે અમિત નામના કોસ્ટેબલને ખાનગી ફાયરીંગમાં ઈજા પહોંચી છે અને હજુ મારી પાસે સંપૂર્ણ રિપોર્ટ આવ્યો નથી.

### દારૂ પી ને રેડ કરી છે. પોલીસના કબુલનામા સાથેનો વિડીયો વાયરલ..



પોશીના પોલીસે કાલીકાંકરના ફળોમાં ગેરકાયદે હથિયાર શોધવા માટે રેડ કર્યા પછી થયેલા દંગલમાં ૫ પોલીસ કર્મીઓને ઈજા પહોંચી છે. ત્યારે ૩૮ સેકન્ડના વાયરલ થયેલા વિડીયોમાં એક પોલીસ કર્મીએ સ્પષ્ટ કબુલ્યું છે કે તેને દારૂ પીધેલો છે અને ટોળાએ પોલીસ કર્મી ઉપર ભારે પથ્થરમારો કર્યાનું પણ જાણવા મળ્યું છે.

## પત્રકાર એકતા પરિષદની ધનસુરા તાલુકાની કારોબારી મિટિંગ યોજાઈ



પત્રકાર એકતા પરિષદ એ ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાઓ માં અને ૨૫૨ તાલુકાઓમાં કારોબારી ધરાવતું રાજ્ય નું એકમાત્ર સંગઠન છે.ત્યારે પત્રકાર એકતા પરિષદ ધનસુરા તાલુકાની કારોબારી મિટિંગ યોજાઈ હતી.આ મિટિંગ ધનસુરા સહકારી જીન ખાતે યોજાઈ હતી. જેમાં ધનસુરા તાલુકાના પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કાર્યક્રમ ના અંતે ભોજન ની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, ઉપપ્રમુખ યાજ્ઞિક પટેલ અને રવિભાઈ પટેલ, તાલુકા મંત્રી જય દાણી, ખજાનચી ભરતભાઈ હુંમ્મર,આઈ.ટી.સેલ ના દેવાંગ સોની, મહેન્દ્રભાઈ દાણી,રાવલ મનોજભાઈ, રાઠોડ પ્રદીપકુમાર, પરમાર મહેન્દ્રસિંહ સહિત પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## બનાસકાંઠામાં પાણી મુદ્દે ખેડૂતોના આંદોલન બાદ હવે ખેડૂતો ઘરે ઘરે દીવા પ્રગટાવી વિરોધ નોંધાવશે

### હવે વિશાળ મહિલા રેલી યોજવા ખેડૂતો મક્કમ

બનાસકાંઠા જિલ્લામાં પાણી મુદ્દે છેડાયેલ જળ આંદોલનમાં ભારતીય કિસાન સંઘ તેમજ જળ આંદોલન સમિતિ દ્વારા ખેડૂતોને દીવા પ્રગટાવવાની અપીલ કરવામાં આવી છે. દીવા પ્રગટાવી કરમાવાદ તળાવ તેમજ મુક્તેશ્વર ડેમમાં પાણી નાખવા સરકારને જગાડવાનો પ્રયત્ન કરવામાં આવશે. ઘરે ઘરે દીવા પ્રગટાવી સરકાર સામે આજે રાત્રે વિરોધ નોંધાવશે. ૧૨૫ ગામના ખેડૂતો સહિત અન્ય ખેડૂતોને પણ દીવા પ્રગટાવવા ખેડૂત આગેવાનો દ્વારા અપીલ કરવામાં આવી છે. મુક્તેશ્વર ડેમ તેમજ કરમાવાદ તળાવમાં પાણી નાખવાના મુદ્દે ૨૦ હજારથી વધુ ખેડૂતોની મહા રેલી બાદ હવે ખેડૂતો દીવા પ્રગટાવશે. ગુરુ મહારાજના નામથી ઘરે ઘરે દીવા પ્રગટાવી સરકાર સામે આજે રાત્રે નોંધાવશે. વિરોધ ૧૨૫ ગામના ખેડૂતો સહિત અન્ય ખેડૂતોને પણ દીવા પ્રગટાવવા ખેડૂત આગેવાનો દ્વારા અપીલ કરવામાં આવી છે. આ આંદોલનમાં મુસ્લિમ સમાજના પણ ઘણા ખેડૂતો જોડાયેલા છે. ત્યારે મુસ્લિમ સમાજના ખેડૂતો ઈબાદત કરે તેમજ નમાજ પઢી કુદરત પાસે પાણી જલ્દી નખાય તે માટે દુઆ કરવા પણ અપીલ કરાઈ છે. આજે રાત્રેએ ઘરે ઘરે દીવા પ્રગટાવી વિરોધ નોંધાવશે. જો પાણીની માંગ પૂરી નહી થાય તો આગામી સમયમાં ૪૦ હજારથી વધુ મહિલાઓની મહારેલી યોજવા ખેડૂતો મક્કમ બન્યા છે.

## પ્રાંતિજના મજરા તલોદ રોડ ઉપર કાર ટ્રક પાછળ ધુસી ગઈ



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના મજરા ત્રણ રસ્તા તલોદ રોડ ઉપર રાત્રીના સમયે કાર ચાલક ટ્રક પાછળ ધુસી જતા કારમા સવાર બે ને ઈજાઓ પોહચી હતી જયારે કાર નો આગળ નો ભાગ કુચડો થઈ ગયો હતો. પ્રાંતિજ ના મજરા થી તલોદ જતા રોડ ઉપર બુધવાર ની રાત્રીના સમયે મેઘરજ ના વલુણા થી ગાંધીનગર જતીકાર નંબર-GJBC-2626 નો ચાલક ફુલફાસ્ટ હંકારી લાવી આગળ જઈ રહેલ કંપચી ભરેલ ટ્રક નંબર જીજે૨ ૩છ્૫૭૩૫ ની પાછળ ધુસી જતા કાર નો આગળનો ભાગ કુચડો થઈ ખયો હતો તો કાર ચાલક હિમાંશુ શૈલેષભાઈ અન્સારી તથા કાર મા સવાર લલીતાબેન લક્ષ્મણ ભાઈ ને શરીરે ઈજાઓ પહોચતા બન્ને ને ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા તો કાર ચાલક ને રાત્રીના સમયે ઉઘ નુ જોકુ આવી જતા અકસ્માત સર્જાયો હતો ત્યારે કાર ટ્રક પાછળ ધુસી જતા કાર નો આગળ નો ભાગ કુચડો થઈ ગયો હતો

## ધાનેરા તાલુકાના વોડા ગામ નો રસ્તો બિસ્માર હાલતમા-નવીન રોડ માટે લોકોની ઉગ્ર માંગ



ધાનેરા તાલુકા ના વોડા ગામ જવાનો રસ્તો લોકોને આવવા- જવા માટે હતો .પરંતુ નવીન રોડ બનાવવાનો હોવાથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડ ને તોડતા હાલ ખેડૂતો રાહદારીઓ વાહન ચલાકો ને મોટી મુશ્કેલી નો સામનો કરવો પાડી રહયો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, આ બાબતે સ્થાનિક લોકોએ આક્રોશ પૂર્વક જણાવ્યું હતું કે, આ રોડ તોડવા અને નવો બનાવવા માટે ફોરેસ્ટ ખાતાની મંજૂરી લેવી જરૂરી છે .પરંતુ માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓએ ફોરેસ્ટ ખાતાની મંજૂરી લીધી છે કે કેમ એ પણ સવાલ છે. જયારે મંજુરી વગર જ રોડ તોડતા નવીન રોડની હવે ફોરેસ્ટ ખાતું પણ મંજૂરી આપતું નથી કે શું? લોકો દ્વારા જાણવા મળેલ છે કે છેલ્લા છ મહિનાથી ગ્રામજનોને મુશ્કેલી નો સામનો કરવો પડી રહયો છે. તેથી લોકોની માંગ છે કે તાકીદે ફોરેસ્ટ ખાતું મંજૂરી આપી તો નવીન રોડની સુવિધા લોકોને મળી રહે તેવી ગ્રામ લોકો માગ કરી રહ્યા છે .અને આ બાબતે માર્ગ અને મકાન વિભાગ પણ કાયદાકીય રીતે મંજૂરી મેળવી તાકીદે રોડનું કામ ચાલુ કરે તેવી લોકોની માંગ છે.

## હિંમતનગરની વીજ કચેરીના પટાંગણમાં મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

### વીજકર્મીઓ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરાયું : ૭૫ બોટલ રક્ત એકત્ર કરાયું : વીજ સલામતી સપ્તાહ અંતર્ગત માર્ગદર્શન પૂરું પડાયું

બાયડ તા.૨

ઉત્તર ગુજરાત વિજ કંપની લિમિટેડના હિંમતનગર વર્તુળની કચેરી ખાતે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર પ્રભાવ જોષીની ઉપસ્થિતિમાં મંદિરનું પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. સાબરકાંઠા જિલ્લાના વીજ ધારકોની સેવામાં અવિરત ખડે પગે રહેનાર વીજ કર્મીઓની સલામતીની પણ પ્રાથમિકતા રહેલી છે જેથી વર્તુળ કચેરીમાં સમાવિષ્ટ ચાર કચેરીઓના ૩૫૦ થી કર્મચારીઓના આસ્થાના પ્રતિક સમાન "શ્રી બાલા હનુમાન" ની વર્ષ ૧૯૯૪ માં વર્તુળ કચેરીના પટાંગણમાં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. જેની ૨૮ વર્ષ બાદ મંદીરનો પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો.





મંદિરના પ્રતિષ્ઠા નિમિત્તે સંકટ સમયે જરૂરિયાત દર્દીને રક્તની જરૂરિયાત ઊભી થાય છે જેને લઈ વર્તુળ કચેરી તથા ૩૧ પેટાવિભાગ, પાંચ વિભાગીય કચેરીના કર્મચારીઓ દ્વારા રેડક્રોસ સોસાયટીના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૫ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.

આ સાથે ઉપસ્થિત નગરજનો અને વીજ કર્મીઓ જાગૃતિ આવે તે માટે દર વર્ષે ૧ થી ૭ જૂન દરમિયાન યોજાતા વીજ સલામતી સપ્તાહ અંતર્ગત લોકજાગૃતિના કાર્યો હાથ ધરવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષે તમાકુ નિષેધ દિન ઉપક્રમે વ્યસન મુક્તિ અંગે નાટીકા ભજવાયું હતું. આ ઉપરાંત વીજ સલામતી માટે લેવાતા પગલાં અંગે સમજ આપવામાં આવી હતી.ત્રિવિધિ કાર્યક્રમમાં વીજ કંપનીના એમ.ડીશ્રી પ્રભાવ જોષી, જિલ્લા સમાહર્તા શ્રી હિતેષ કોયા,જિલ્લા વિકાસ અધિકારીશ્રી દિપેન શાહ , હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેરશ્રી પી.સી.શાહ સહિત મોટી સંખ્યામાં વીજકર્મીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા

### મેડીકલ ક્ષેત્રમાં નાયક સમાજનો દબદબો

## સાબરકાંઠા નાયક સમાજની ૨ દીકરીઓ એમ.બી.બી.એસ બાદ પી.જી નીટ પરીક્ષામાં સફળ થઈ....

સરડોઈ,તા.૨

સાબરકાંઠા નાયક સમાજની ૨ દીકરીઓ એમ.બી.બી.એસ બાદ મેડિકલ ક્ષેત્રના ઉચ્ચ અભ્યાસ માટે મહત્વની પીજી નિટ પરીક્ષા પાસ કરવામાં સફળ રહેતાં નાયક સમાજમાં આનંદ છવાયો છે.





પ્રાપ્ત જાણકારી મુજબ તલોદ તાલુકાના નવા ગામના ભવાઈ કલાકાર નંદુ ભાઈ નાયક ની પુત્રી હર્ષિદા નાયક અને હિંમતનગર ના જાણીતા તબીબ ડો જગદીશ ભાઈ નાયકની પુત્રી યશ્વી નાયકે એમ.બી.બી એસ બાદ તાજેતરમાં લેવાયેલી મેડિકલ ના ઉચ્ચ અભ્યાસ માટેની પી.જી. નીટ પરીક્ષા આપી હતી જેમાં નાયક સમાજની આ બંને દીકરીઓએ ઝળહળતી સફળતા મેળવી સમાજનું ગૌરવ વધારતાં સમાજના સૌ આગેવાનો અને શુભેચ્છકો એ બંને તેજસ્વી દીકરીઓ અને પરિવારને અઢળક અભિનંદન પાઠવ્યા છે.ઉલેખનીય છે કે ડો. હર્ષિદા નાયક હાલ ઉંચીધનાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે.પાછલા કેટલાક વર્ષોથી નાયક સમાજમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે અને માં બાપ પણ વર્તમાન સમયમાં ઉચ્ચ શિક્ષણનું મૂલ્ય સમજ્યા છે જેના કારણે યુવાનો પછી હવે સમાજની દીકરીઓ પણ મેડિકલ ક્ષેત્રમાં પોતાનું નામ રોશન કરી રહી છે.

**રક્તદાન મહાદાન**

## મોદીજીની ત્રાડ...યોગીજીનો હુંકાર... તો અમિતજીની ગર્જના....

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...???

બાયડ તા.૨

લોકશાહીની પ્રથમ વ્યાખ્યા વશિષ્ટ ઋષિએ આપી, તેને સુધારીને પ્રમુખગત લોકશાહીની વ્યાખ્યા કરનાર શ્રીકૃષ્ણના સમયના યાદવ કુળના નેતાઓ હતા... યાદવ કુળનું નામ ગૌરવવંતુ હતું પણ સમય જતાં વર્તમાન ભારતને જે બે યાદવ મળ્યા લાલુ અને મુલાયમ આ બંનેએ લોકશાહીની શ્રીકૃષ્ણની પરિભાષા જ બદલી નાખી અને યાદવ કુળનું નામ ડબોલ્યું!! ઉદાહરણ તરીકે ટાંકુ તો મથુરાનું કંસનું રાજ્ય પ્રમુખગત લોકશાહીને માનવાવાળું રાજ્ય હતું.... એટલે કે રાજશાહીમાં પણ લોકશાહી!! 'રાજાનો પુત્ર જ નહીં...લોકો માંથી યોગ્ય લોકનેતા હોય તે જ ગાદી સંભાળી શકે એ તેમની વિચારધારા હતી!!!'

આજે વર્તમાન ભારત અને ભાજપ ફરીથી મોદીજીને લીધે આ વિચારને ફોલો કરી રહ્યું છે... 'કે જેમાં કોઈ વંશ પરંપરાગત રાજા ના હોય, પરિવારવાદ ના હોય હોય તો સિર્ફ લાયકાતવાદ!!' લાયકાત એ ભાજપની પહેલી સોચ રહી છે. મોદીજીની ત્રાડથી વિશ્વ સફાળે જાગી ગયું...યોગીજીના હુંકારથી રાષ્ટ્ર વિરોધી તત્વો ડરી ગયા તો અમિતજીની ચતુરાઈથી અસામાજિક તત્ત્વો અને રાષ્ટ્ર વિરોધીઓ ફફડી ગયા!!! વર્તમાન ભારતની આ વાસ્તવિકતા છે... વ્યક્તિગત રીતે મોદીજી, યોગીજી કે અમિતજી કોઈને કોઈ ફાયદો કરાવતા નથી પણ રાષ્ટ્રના હીતની વાત હોય ત્યાં કોઈ વાયદો પણ કરતા નથી.... મોદીજી ભારતના સિંહ છે.... તો યોગીજી એક ખૂંખાર વાઘ છે જે દેશ વિરોધીઓને ફાડી ખાય.... જ્યારે અમિતજી એક ચબરાક ચિત્તો છે !! આ ત્રિપુટીએ ભારત વિરોધીઓને ભૂગર્ભમાં મોકલી દીધા... પણ આપણો ચિત્તો બહુ ચબરાક છે, જે ગુફામાં સંતાયેલા દેશ વિરોધી પ્રાણીઓને બહૂજ હોશીયારીથી બહાર કાઢીને શિકાર કરી લે છે!!

વિદેશમાં મોદીજીએ ભારતની આકર્ષક છબી બનાવીને પ્રસ્તુત કરી.... અમિતજીએ ભારતને સાચવ્યું તો યોગીજીએ ભારત માતાને ખરાબ નજરે જોવાવાળાને તેમના હુંકાર થકી ડરાવી દીધા... સૌને રોકડું પરખાવી દેનાર યોગીજી એક પરશુરામની ભૂમિકામાં નજરે પડે છે.... તો મોદીજી શ્રીરામ જેવું મન બનાવીને સૌ વિરોધીઓને ભારતનું મહત્વ સમજાવી રહ્યા છે ત્યાં ભરત અને લક્ષ્મણની બેવડી ભૂમિકા નિભાવનાર અમિતજીની મારે થર્ડ અમ્પાયર બનીને શુ વાત કરવી???

ઔવેશી જેવા હજારો લુખ્ખાઓને તેઓ મૌન બનીને જડબેસલાક જવાબ આપી રહ્યા છે... 'એક મિયા દસ પે ભારી"' બોલવાવાળાને પહોંચી વળવા મોદી-યોગીની પણ જરૂર નહીં પડે.... એકલા અમિતજી લક્ષમણ બનીને તૈયાર છે.... આ હરામીઓએ હજુ લક્ષમણની મીઠી નજર કે ચાણક્ય નીતિનો જ પરિચય કર્યો છે... 'જ્યારે આ અમિતજી લક્ષમણનો ગુસ્સો કે ક્રોધ લઈને આવશે ત્યારે આ લંગૂરોને સંતાવાની જગ્યા પણ નહીં મળે!!' હિન્દુસ્તાનનું ખાતા અને ઈસ્લામનો ગુણ ગાતા આ નાલાયક લોકો કેમ ભારત માતાનો ગુણ નથી ગાતા?? વંદે માતરમ નહી બોલીએ... ભારત માતાકી જય નહિ બોલીએ.... આવું રટણ કરતા સૌ દેશદ્રોહી છે...

ભારતની ઉદારતા છે કે આવા કપૂતોને તે સાચવે છે.... 'જ્યારે મોદીજીની ત્રાડ.... યોગીનો હુંકાર... અને અમિતજીની ગર્જના થઈ ત્યારે આવા હરામીઓને ભારતમાં કોઈ સંતાડસે પણ નહીં...' સમય બહુ દૂર નથી, આ સબળ નેતૃત્વને સમર્થન આપવાવાળી લાખોની સંખ્યામાં વાનર-રીંછની સેના હવે તૈયાર થઈ ગઈ છે... હનુમાનનું પૂછડું બાળવાથી લંકાની જે હાલત થઈ હતી તેનાથી ગંભીર હાલત ઔવેશી અને તેમના ભાઈની જબાનને કારણે તેમની સભામાં તાળીઓ પાડનાર અને સિસોટી વગાડનાર મિયા ભાઈઓ હોય કે વિરોધીઓ જે ભારતનું અહિત ઈચ્છે છે તેવા કોઈપણ સંપ્રદાયના હોય તેમની થવાની છે... હજુયે સમય છે , સુધરી જાવ અને ભારત માતાનું દામન પકડી માફી માગી લ્યો....

## સાબરકાંઠામાંથી મળી આવેલા શંકાસ્પદ કપાસના બિયારણના જથ્થાનો રીપોર્ટ જાહેર નહિ કરાતાં રાજ્યના ખેતી વિભાગની છબી ખરડાઈ

### ખેડુતોને બરબાદ કરનારાઓ સાથે ભ્રષ્ટ બાબુઓએ હાથ મિલાવ્યાની ગરમાગરમ લોકચર્ચા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૨

સાબરકાંઠાની જીનીંગ એન્ડ પ્રોસેસીંગ પ્લાન્ટમાંથી મળી આવેલ શંકાસ્પદ બિયારણનો જથ્થો સીઝ કર્યા પછી આજદિન સુધી રીપોર્ટ જાહેર ન કરાતાં રાજ્યના ખેતી વિભાગની છબી ખરડાઈ છે. ખેડુતોને બરબાદ કરનારાઓ સાથે ભ્રષ્ટ બાબુઓએ હાથ મિલાવ્યાની ગરમાગરમ લોકચર્ચા છે. જ્યારે ખેડુતો રીપોર્ટ જાહેર ન થતાં તેમાં કોની કોની સંડોવણી હોય તેવા ખુલીને આરોપ લગાવી રહ્યા છે.

મળેલી જાણકારી અનુસાર વડાલીમાં આવેલ એવરેસ્ટ જીનીંગ, વિશ્વાસ જીનીંગ, આનંદ જીનીંગ અને યોગેશ્વર જીનીંગમાંથી અનુક્રમે ૧૨૫૩, ૨૭૨૮, ૧૨૧૮૨ અને ૪૨૬ કપાસ બિયારણના પેકેટ જપ્ત કરી બિયારણ પ્રતિબંધિત ૪-જી કે ૫-જી છે તેની ચકાસણી માટે સેમ્પલ લેવામાં આવ્યા હતા. તેમજ સ્થળ ઉપરથી તપાસ દરમ્યાન ૧૧,૩૨૦ કિલો બિયારણનો લૂજ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો અને કુલ ૩૪ સેમ્પલ લીધા પછી અધિકારીઓ ગાંધીનગર જવા માટે તા.૧૦ મે ના રોજ રવાના થયા હતા. ત્યારબાદ શંકાસ્પદ કપાસના બિયારણનો લેબોરેટરી રીપોર્ટ જાહેર ન થતાં અનેક પ્રકારની શંકાઓ સેવાય છે. રીપોર્ટમાં ઉથલપાથલ માટે અને જીનર્સોને ઉનીઆંચ ન આવે તે માટે રીપોર્ટ જાહેર કરવામાં અખાડા શરૂ થયાના આક્રોશ હવે જિલ્લાના સીમાડાની બહાર સાંભળવા મળી રહ્યા છે. જ્યારે બિયારણ તૈયાર કરતા જીનર્સો દ્વારા રૂા.૩૫૦ કિલોના બિયારણના રૂા.૩૦૦૦ જેટલી રકમ ખંખેરવાના પણ આરોપ છે. ત્યારે હવે ખેતી વિભાગ અને કૃષી મંત્રીનો વિભાગ પણ આ મુદ્દે ઝડપી તપાસથી પીછેહઠ કરતો હોય તેવી તાસીર ખેડુતોના મનમાં ઉભી થઈ છે. આવનારા દિવસોમાં શંકાસ્પદ બિયારણના જથ્થાના રીપોર્ટ જાહેર નહિ કરવાનો મુદ્દો રાજકીય સ્વરૂપ પકડે તેવી પણ પુરેપુરી દહેશત સેવાય છે.

## જે સી સ મિલ્ક કમિટી જાયન્ટ્સ મોડાસા દ્વારા મિલ્ક ડેની ઉજવણી





અરવલ્લી જિલ્લા મોડાસામાં છેલ્લા ૪૬ વર્ષથી ચાલતી જે. સી. સ.મિલ્ક કમિટી કે જેના દ્વારા મોડાસા શહેરમાં દૂધ.છાસ વિતરણ સાથે સાથે જરૂરિયાત વ્યક્તિ ઓને રોજગારી પૂરી પાડવાનું કામ કરે છે. તેવી મિલ્ક કમિટી . જાયન્ટ્સ મોડાસા દ્વારા વિશ્વ મિલ્ક ડે ની ઉજવણી રેલવે ગ્રાઉન્ડ હનુમાનજી મંદિરમા. ગરીબ બાળકોને દૂધ વિતરણ કરી કરવામાં આવી. જેમાં સંસ્થાના ચેરમેન નવનીત પરીખ. નિલેશ જોશી.અમિત કવિ. ધર્મેન્દ્ર સિંહ રાઠોડ મુકુન્દ શાહ પ્રવીણ પરમાર હાજર રહ્યા.

મકાન વેચવાનું છે
બાયડની સહજાનંદ સોસાયટીમાં ફર્નિચર સાથેનું મકાન.
મો.૯૮૯૮૬૬૪૦૪૨